## સીએનો અભ્યાસ પૂર્ણ કરવા માટે વિદ્યાર્થી વેચે છે બીલાનું જ્યુસ



■ અત્યારના યુગમાં ૯૯ ટકા વિદ્યાર્થીઓનો અભ્યાસનો ખર્ચ માતા-પિતા ઉઠવતા હોય છે પરંતુ આ વિદ્યાર્થીનું એવું નથી. સિટીલાઇટ રોડ પાસે બીલાનું બીલાનું જ્યુસ વેચતો કિશોર સામાન્ય નથી. તે સીએનો અભ્યાસ કરે છે અને તેનો ખર્ચ કરવા માટે તે જ્યુસ વેચી રહ્યો છે. **(તસવીર : હેમંત ડેરે)**

# સિવિલમાં નશામાં ધૂત બે શખ્સની ASI સાથે ઝપાઝપી

**પીએમ** રૂમ પાસે શરૂ થયો વિવાદ બાદમાં પોલીસ કાફલો દોડી આવ્યો

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ નજીક બે નશામાં ધૂત શખ્સોએ ફરજ પર રહેલા પોલીસ અધિકારી સાથે ગાળાગાળી કરી અને બાદમાં ઝપાઝપી કરતાં સમગ્ર વિસ્તારમાં હંગામો મચી ગયો હતો. માહિતી મુજબ, અઠવા પોલીસમથકના ASI રાત્રિ ડ્યુટી દરમિયાન નવી સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ પાસે હાજર હતા. ત્યારે પૂર્વ વોર્ડબોય ચેતન પટેલ અને ખાનગી એમ્બ્યુલન્સ ચાલક જાવેદ દારૂના નશામાં ત્યાં પહોંચ્યા હતા. કોઈ બાબતે બોલાચાલી થતાં બંનેએ ઉગ્ર વલણ અપનાવ્યું અને પોલીસ સાથે અશિસ્તભર્યું વર્તન શરૂ કર્યું. સ્થળ પર હાજર લોકોના જણાવ્યા મુજબ, બોલાચાલી ટૂંક સમયમાં ઝપાઝપીમાં ફેરવાઈ ગઈ હતી. બંને શખ્સોએ ASI સાથે હાથાપાઈ કરી હતી. એક શખ્સને કાબૂમાં લેતાં બીજા શખ્સે તેને છોડાવવા માટે પોલીસ અધિકારી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

### ખટોદરા પોલીસ દોડી આવી, બંનેની અટકાયત

પરિસ્થિતિ બગડતા ASIએ તરત જ ખટોદરા પોલીસને જાણ કરી હતી. મેસેજ મળતાં જ પીસીઆર વાન સહિત પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે બંને નશામાં ધૂત શખ્સોને કાબૂમાં લઈને અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

# ગેસના નવા સ્લેબથી ઉદ્યોગમાં “સ્લો-ડાઉન”ની સ્થિતિ

**સુરતના** ટેક્સટાઇલથી ફૂડ પ્રોસેસિંગ સુધીના ઉદ્યોગોમાં ઉત્પાદન કાપ, ખર્ચ કાબૂમાં રાખવાનો પ્રયાસ

સુરત : મધ્ય પૂર્વમાં ઊભી થયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિના પ્રભાવથી LNG અને LPG સપ્લાય ચેઇનમાં આવેલા વિક્ષેપને પગલે ગેસ સપ્લાય કંપનીઓ દ્વારા ઇન્ડસ્ટ્રીયલ ગેસના દરોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ એક સરખા દરે ગેસ આપતી કંપનીએ હવે “સ્લેબ સિસ્ટમ” અમલમાં મૂકી છે, જેમાં વધુ વપરાશ પર વધુ દર ચૂકવવો પડે છે.

આ બદલાવનો સીધો પ્રભાવ સુરતના ટેક્સટાઇલ, કેમિકલ, બેકરી અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો પર જોવા મળી રહ્યો છે. ઉદ્યોગકારો ઊંચા સ્લેબનો ગેસ વપરાશ ટાળવા માટે ઉત્પાદન ઘટાડીને ખર્ચ નિયંત્રિત કરવાનો માર્ગ અપનાવી રહ્યા છે. ગેસ સ્લેબ સિસ્ટમની નવી પદ્ધતિ મુજબ ગેસના દરો વપરાશના પ્રમાણ પ્રમાણે તબક્કાવાર વધે છે.

### નિકાસ ઓર્ડર પર પ્રભાવ પડશે

મિડલ ઈસ્ટમાં તણાવ વધતા LNG સપ્લાયમાં અનિશ્ચિતતા વધી છે, જેના કારણે આયાતી ગેસના ભાવમાં વધારો, સપ્લાયમાં અનિયમિતતા સ્થાનિક ગેસ કંપનીઓએ દરમાં ફેરફાર કર્યા હોય શકે છે. ઉદ્યોગકારોનું કહેવું છે કેઃ “ઉંચા સ્લેબના દરથી પ્રોડક્શન ખર્ચ વધે છે, જેથી માર્કેટમાં સ્પર્ધા મુશ્કેલ બની રહી છે.” કેટલાક ઉદ્યોગ સંગઠનો સરકાર અને ગેસ કંપની પાસે ફિક્સ દર અથવા સબસિડી માટે રજૂઆત કરવાની તૈયારીમાં છે. જો પરિસ્થિતિ લાંબા સમય સુધી યથાવત્ રહેશે તો ઉત્પાદન વધુ ઘટી શકે, રોજગારી પર અસર થઈ શકે, નિકાસ ઓર્ડર પર પ્રભાવ પડશે.

### યુદ્ધને લીધે ડિમાન્ડ ઘટતા ઉદ્યોગો પર અસર

- » ગેસ દરમાં વધારોઃ અંદાજે 15%-40% (સ્લેબ પ્રમાણે)
- » ઉદ્યોગમાં ગેસ વપરાશ ઘટાડોઃ સરેરાશ 20%
- » ઉત્પાદન ઘટાડોઃ 10%-30%
- » વિકલ્પ ઊર્જા વપરાશઃ 15% સુધી વધારો

### હાલની પરિસ્થિતિમાં ઉદ્યોગો પર ગેસ સ્લેબની અસર

| ઉદ્યોગ | ગેસ વપરાશમાં ઘટાડો | ઉત્પાદન પર અસર |
|---|---|---|
| ટેક્સટાઇલ (ડાઇંગ-પ્રિન્ટિંગ) | 20% | 30% |
| કેમિકલ ઉદ્યોગ | 15% | 25% |
| બેકરી અને ફૂડ પ્રોસેસિંગ | 10% | 20% |

# મનપાની ચૂંટણીઃ આજે વોર્ડ વાઈઝ મતદાર યાદી પ્રસિધ્ધ થશે

**વિધાનસભાની** યાદીને આધારે મનપાના 30 વોર્ડ અને વિવિધ બૂથ મુજબની નવી યાદી તૈયાર

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી 23 માર્ચ, સોમવારના રોજ અંદાજે 24.72 લાખ મતદારોની વિગતો સાથેની આ યાદી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. માર્ચ મહિનાના પ્રારંભથી જ મનપાના ચૂંટણી વિભાગના 15 કર્મચારી સહિત વિવિધ ઝોનના ડેપ્યુટી અને આસિસ્ટન્ટ એન્જિનિયરો મળી કુલ 45 જેટલા અધિકારી-કર્મચારીઓની ટીમે સતત ત્રણ અઠવાડિયા સુધી વિધાનસભાની યાદીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ ટીમે વિધાનસભાની યાદીને આધારે મનપાના 30 વોર્ડ અને વિવિધ બૂથ મુજબની નવી યાદી તૈયાર કરી છે, જે સોમવારે સવારે ઓફિસ સમય શરૂ થતાંની સાથે જ મતદાર નોંધણી અધિકારીની સહી સાથે પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ મતદાર યાદી નાગરિકો માટે તાપી પુરા સ્થિત મનપાની મુખ્ય કચેરી ‘તાપી ભવન’ ખાતે તમામ 30 વોર્ડ માટે ઉપલબ્ધ રહેશે, જ્યારે અન્ય ઝોન કચેરીઓ અને વોર્ડ ઓફિસો મળી કુલ 40 સ્થળોએ જે-તે વોર્ડની યાદી જોઈ શકાશે. સોમવારે યાદી પ્રસિદ્ધ થયા બાદ બૂથ અને મતદારોની ચોક્કસ સંખ્યાનું ચિત્ર વધુ સ્પષ્ટ થશે. જો કોઈ નાગરિકનું નામ વિધાનસભાની યાદીમાં હોવા છતાં મનપાની યાદીમાં રહી ગયું હોય, તો તેમણે જરૂરી પુરાવા સાથે તાપી ભવનના રૂમ નંબર-12 સ્થિત ઈલેક્શન વિભાગમાં નિયત નમૂના મુજબ અરજી કરવાની રહેશે. આ પ્રક્રિયા દ્વારા વહીવટી તંત્ર સુનિશ્ચિત કરવા માંગે છે કે કોઈ પણ પાત્ર મતદાર મતાધિકારથી વંચિત ન રહી જાય.

# લગ્નના પાંચ જ દિવસમાં દાગીના-રોકડા લઈ લૂંટેરી દુલ્હન છૂ

**અમદાવાદ**, રાજસ્થા, મહારાષ્ટ્રની ટોળકીએ પુણાના રત્નકલાકારને ખંખેરી લીધો

સાસરી જવાનું કહી દુલ્હન પરત જ ન આવી, પુણા પોલીસમાં ગુનો નોંધાયો

સુરતઃ પુણાગામ વિસ્તારમાં રહેતા એક રત્નકલાકાર લગ્નની લાલચમાં છેતરાયા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પૂર્વ આયોજિત કાવતરું રચી, મહારાષ્ટ્રની યુવતી સાથે લગ્ન કરાવી આપવાના બહાને અમદાવાદ અને રાજસ્થાનના વચેટીયાઓ સહિતની ટોળકીએ રત્નકલાકાર પાસેથી રોકડા રૂપિયા અને સોના-ચાંદીના દાગીના મળી કુલ 3,04,594 પડાવી લીધા હતા. લગ્નના માત્ર પાંચ જ દિવસમાં નવવધૂ દાગીના લઈ પિયર ભાગી છૂટી હતી, જે બાદ પરત ન આવતા આખરે પુણા પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પુણાગામની અમરધામ સોસાયટીમાં રહેતા અને રત્નકલાકાર તરીકે કામ કરતાં પ્રફુલભાઈ દેવરાજભાઈ ગોહિલને લગ્ન કરવાના હોય, તેઓ આ ટોળકીના સંપર્કમાં આવ્યા હતા. આ મજબૂરીનો લાભ ઉઠાવી આરોપીઓએ ભેગા મળીને નાણાં ખંખેરવાનું આયોજન કર્યું હતું. આરોપીઓ મોહનભાઈ રામજીભાઈ ટાંક (રહે., નરોડા, અમદાવાદ), જીતેન્દ્રકુમાર જેરૂપચંદ જૈન (રહે., જાલોદ, રાજસ્થાન- ટીમ સહયોગી), માધવ માઘ (રહે., ઓરંગાબાદ, મહારાષ્ટ્ર- નકલી મામો) તથા શીતલ બાબુરામ નીકમ (રહે., ઓરંગાબાદ, મહારાષ્ટ્ર- લૂંટારી દુલ્હન)એ એપ્રિલ-2024 થી શરૂ થયેલા આ ખેલમાં આરોપીઓએ વિશ્વાસ કેળવી શીતલ સાથે પ્રફુલભાઈના લગ્ન કરાવ્યા હતા. લગ્ન કરાવવાની બાહેધરી પેટે અલગ-અલગ સમયે ઓનલાઈન 29,000 અને રોકડા 1,90,000 પડાવ્યા હતા. એટલું જ નહીં, લગ્નવિધિ દરમિયાન સોનાની વીંટી (કિંમત આશરે 80,000), સોનાનો દાણો અને ચાંદીના ઝાંઝર મળી કુલ રૂ. 3,04,594 ની મતા મેળવી લીધી હતી. લગ્ન બાદ શીતલ માત્ર પાંચ દિવસ સાસરીમાં રહી હતી. પાંચ દિવસ બાદ તે કોઈને પણ કહ્યા વગર અચાનક પિયર ચાલી ગઈ હતી. પ્રફુલભાઈએ જ્યારે પત્નીને પરત આવવા માટે ફોન કર્યા ત્યારે તેણી અને તેના સાથીદારો અવારનવાર વાયદાઓ આપતા રહ્યા હતા. લાંબો સમય વીતવા છતાં ન તો શીતલ પરત આવી, ન તો આરોપીઓએ લીધેલા પૈસા કે દાગીના પરત કર્યા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા પ્રફુલભાઈએ પુણા પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવી હતી. પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનાહિત કાવતરું રચી છેતરપિંડી આચરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગેસ કટોકટી વચ્ચે AAPના સેવાકીય કાર્યમાં પોલીસની દખલ

**શ્રમિકોને** મદદ કરવા ઉતરેલા કાર્યકરો ડિટેઈન, થોડા સમય બાદ મુક્તિ

સુરત : આદમી પાર્ટી (AAP)ના કાર્યકરો દ્વારા માનવતાની દ્રષ્ટિએ શ્રમિકોને મદદરૂપ થવા માટે ફૂડ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે પોલીસે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને અટકાવ્યા હતા અને ચાર જણની અટકાયત કરી હતી.

ગેસની અછતને કારણે ઉદ્યોગોમાં અનિશ્ચિતતા સર્જાતા પરપ્રાંતિય શ્રમિકોમાં ભય ફેલાયો છે અને તેઓ વતન તરફ વળવા લાગ્યા છે. આ પરિસ્થિતિમાં આમ આદમી પાર્ટી (AAP)ના કાર્યકરો દ્વારા માનવતાની દ્રષ્ટિએ શ્રમિકોને મદદરૂપ થવા માટે ફૂડ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી, સુરત લોકસભા પ્રમુખ રજનીકાંત વાઘાણી અને નવસારી લોકસભા પ્રમુખ પંકજ તાયડેની આગેવાનીમાં કાર્યકરો સ્થળ પર પહોંચ્યા હતા અને શ્રમિકોને ખોરાક વિતરણ શરૂ કર્યું હતું. પ્રારંભમાં પોલીસે ફૂડ વિતરણને લઈ આનાકાની કરી હતી, પરંતુ સમજાવટ બાદ અંતે પરવાનગી આપવામાં આવી હતી. જોકે, ફૂડ વિતરણ પૂર્ણ થયા બાદ રેલવે પોલીસે અચાનક કાર્યવાહી કરી અને AAPના કેટલાક આગેવાનોને કસ્ટડીમાં લઈ લીધા હતા. પોલીસે રજનીભાઈ પોપટભાઈ વાઘાણી (ઉ.વ. ૩૪, રહે. વિનાયક સોસાયટી, પર્વત પાટિયા), પંકજભાઈ અનદાભાઈ તાયડે (ઉ.વ. ૩૪, રહે. શાંતિવિલા બંગલોઝ, મધુરમ સર્કલ, ડિંડોલી), ભરતભાઈ કાંતીભાઈ પટેલ (ઉ.વ. ૩૯, રહે. જલારામનગર, હરીનગર પાસે), અને બલવંતભાઈ હસમુખભાઈ ભેડા (ઉ.વ. ૪૯, રહે. ઈન્દ્રજીત સોસાયટી, લંબે હનુમાન રોડ, વરાછા)ને થોડા સમય માટે ડિટેન રાખ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા હતા.

### પરવાનગી વગર પ્રદર્શન કરતાં હતાં : રેલવે પીઆઇ

સુરતઃ સુરત રેલ્વે સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જે.બી. મીઠાપરા એ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ કોઇ પણ પરવાનગી લીધા વગર વિરોધ પ્રદર્શન કરતા અમે તેઓને ડીટેઇન કરેલા છે.

### તાવ અને શરદીથી બે યુવકોના મોતથી ચિંતાનો માહોલ

સુરતઃ શહેરમાં સામાન્ય લાગતી તાવ, શરદી જેવી બીમારીઓ પણ જીવલેણ સાબિત થતી હોવાના બે બનાવ સામે આવ્યા છે, ભરીમાતા વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય સંતોષ મંડલને છેલ્લા કેટલાક દિવસથી તાવ અને શરદી હતી. ગઈકાલે બાથરૂમમાં તેમની તબિયત લથડતા તેઓ બેભાન થઈ ગયા હતા અને ૧૦૮ ટીમે તેમને મૃત જાહેર કર્યા હતા. બીજા બનાવમાં ડીંડોલી વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય રમેશ નાયકને તાવ સાથે શરીરના દુખાવાની તકલીફ હતી. જેના કારણે સિવીલમાં તેનું મોત થયું હતું.

### લોનના હપ્તા નહીં ભરી શકતા રત્નકલાકારનો આપઘાત

સુરતઃ રાહુલ હિંમતભાઈ માલી (ઉ.વ.૩૩) હીરાના કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમની પત્ની સંતાનો સાથે મામાના ઘરે ગયા હોવાથી તેઓ એકલા હતા. આ દરમિયાન તેમણે ઘરમાં જ પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે રાહુલ પર લોનનું ભારણ હતું અને હપ્તા ભરવામાં મુશ્કેલી પડતી હતી, જેના કારણે તેઓ માનસિક તણાવમાં હતા. લિંબાયત પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પુણા પોલીસે અફીણ સાથે રાજસ્થાનીને ઝડપી પાડ્યો

સુરતઃ પુણા પોલીસે અફીણ સાથે મૂળ રાજસ્થાનના સુથારને ઝડપી પાડ્યો છે. પુણાગામ- બોમ્બે માર્કેટ તરફ જતા રોડ પર આવેલી સીતારામ સોસાયટી વિભાગ-૨માં, ઘાંચી સમાજની વાડીની બાજુમાં આવેલા ઘર નંબર ૫૧૭ના ત્રીજા માળે દાદર પાસેની રૂમમાં એક શખ્સ અફીણ રાખી તેનું વેચાણ કરી રહ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે ત્યાં દરોડો પાડી૨૪ વર્ષીય રેવન્તસિંહ રાયસિંહ રાઠોડને ઝડપી લીધો હતો. તેની પાસેથી ૨૭,૬૦૦ની કિંમતનું ૯૨ ગ્રામ અફીણ મળી આવતા તેની ધરપકડ કર હતી. આરોપી મૂળ રાજસ્થાનના બિકાનેર જિલ્લાના ખાજુવાલા તાલુકાના શિવનગરનો વતની છે. તે સુરતમાં સુથારીકામ કરતો હતો.

# ઉધના- પાંડેસરામાં ગાંજાના મોટા જથ્થા સાથે ત્રણ ઝડપાયા

**ભાઠેના** પાસેથી બે કિશોર ૯ કિલો ગાંજા સાથે, પાંડેસરામાંથી ઓરિસ્સાવાસી ઝડપાયો

સુરતઃ ઉધના અને પાંડેસરા પોલીસની ટીમોએ બે અલગ-અલગ દરોડામાં લાખોની કિંમતનો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો છે. ઉધના પોલીસે ખાડીના રસ્તેથી પસાર થતા બે કાયદાના સંઘર્ષમાં આવેલ બે કિશોરને ૯ કિલોથી વધુ ગાંજા સાથે ઝડપી પાડ્યા છે, જ્યારે પાંડેસરા પોલીસે હનુમાન મંદિર પાસે ખુલ્લા મેદાનમાં વેચાણ કરતાં એક રીઢા શખ્સને દબોચી લીધો છે.

ઉધના પોલીસને બતામી મળી હતી કે, ભાઠેના એલ.એન. પાર્ક સોસાયટી પાછળ ખાડીના રસ્તેથી બે શખ્સો બેગમાં માદક પદાર્થ લઈને એમ.ફોર માર્કેટ તરફ જનાર છે. સર્વેલન્સ સ્ટાફે વોચ ગોઠવી બે બાળ કિશોરને રોકી તપાસ કરતા તેમની પાસેથી ૯.૦૮ કિલોગ્રામ ગાંજો (કિંમત રૂ. ૪,૫૪,૦૦૦) મળી આવ્યો હતો. પોલીસે ગાંજો, બે મોબાઈલ ફોન અને ટ્રેન ટિકિટ સહિત કુલ રૂ. ૪,૬૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, પાંડેસરા પોલીસની ટીમે બાતમીના આધારે હરિઓમનગર સોસાયટી પાસેના હનુમાન મંદિરના ખુલ્લા મેદાનમાં રેડ કરી હતી. ત્યાંથી મૂળ ઓરિસ્સાના અને હાલ પુનીતનગરમાં રહેતા બુલ્લુ બુધનાભાઈ બારીક (ઉં.વ. ૨૬) ને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ૫૫૭ ગ્રામ ગાંજો, રોકડ રકમ અને પેકિંગ માટે વપરાતી પ્લાસ્ટિકની ૫૮ નાની બેગો મળી આવી હતી. પોલીસે કુલ રૂ. ૩૪,૧૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ માદક પદાર્થો સુરતમાં ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને તેના મુખ્ય સૌદાગરો કોણ છે, તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

**પાપ ગમે તેટલું ઊંડું દાટવામાં આવે, એક દિવસ સપાટી ઉપર આવે જ**

# ગુમ કિશોરનું અપહરણ થયાની શંકા સાથે ત્રણ મિત્ર વિરુદ્ધ ફરિયાદ

**ઇન્સ્ટાગ્રામ** મેસેજ દ્વારા મળેલી વિગત બાદ ભાઈએ ત્રણ શકમંદ સામે ગુનો નોંધાવ્યો

**આગામી** દિવસોમાં ત્રણે મિત્રોનો લાઇવ નાર્કો ટેસ્ટ કરવામાં આવશે

સુરત : ત્રણ વર્ષ પહેલાં નશીલા પદાર્થનું સેવન કરીને ત્રણ-ચાર સગીરોએ ભેગા મળીને એકની હત્યા કરી નાંખીને લાશને જમીનમાં દાટી દેવાની ઘટના મૃત્યુ પામનારના ભાઈને મિત્રએ કહેતા પરિવાર ચોંકી ઉઠ્યો હતો. સમગ્ર ઘટના કહેતા વાત પુણા પોલીસ સુધી પહોંચી હતી અને પોલીસે સ્થળ ઉપર જઈને લાશ શોધવાનો પ્રયત્ન કર્યો હતો પણ મળી ન હતી. આખરે મૃત્યુ પામનાર કિશોર હોવાનું બહાર આવતા પોલીસે અપહરણ સહિતની કલમો હેઠળ શકમંદ મિત્રો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે. આગામી દિવસોમાં ત્રણે શકમંદોનું લાઇવ નાર્કો ટેસ્ટ કરવાની પ્રક્રિયા પોલીસ હાથ ધરશે.

મળતી માહિતી મુજબ, વરાછાની દયાપાર્ક સોસાયટીમાં રહેતા અને એમ્બ્રોઇડરી મશીન ચલાવતા અનિલ શાહ મુન્નાલાલ ગૌડે ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમનો નાનો ભાઈ વિવેક ઉર્ફે ગબ્બર ગત તા. 22/05/2023ના રોજ ઘરેથી કહ્યા વગર નીકળી ગયો હતો. તે સમયે વિવેક ગુટખા ખાવાની ટેવ ધરાવતો હતો અને અભ્યાસ બાબતે ઘરે ખીજાતા તે રિસાઈને જતો રહ્યો હોવાનું માની પરિવારે તે પરત આવશે તેવી આશાએ પોલીસમાં જાણ કરી ન હતી. જોકે, ગત તા. 25/01/2026ના રોજ રાત્રિના સમયે ફરિયાદીના મિત્ર ચંદ્રભાનના ઇન્સ્ટાગ્રામ પર દિવ્યાંશુ નામના યુવકે મેસેજ કર્યો હતો. મેસેજમાં તેણે વિવેક બાબતે કંઈક કહેવું છે તેમ જણાવી મુલાકાત કરી હતી. દિવ્યાંશુએ જણાવ્યું હતું કે વિવેકને તેના મિત્રો કુંદન અનિલકુમાર ઝા અને મોનુ સંતોષ ઠાકુરે હત્યા કરી જમીનમાં દાટી દીધો છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, વિવેક ગુમ થયો તે પહેલા દિવ્યાંશુકુમાર લાલબાબુશાહ ગુપ્તા (ઉં.વ. 19), કુંદન ઝા (ઉં.વ. 18) અને મોનુ ઠાકુર (ઉં.વ. 23) સાથે મોડી રાત સુધી હરતો-ફરતો હતો. આ ત્રણેય મિત્રોએ જ મળીને તેના ભાઈનું અપહરણ કર્યું હોવાનો શંકા વ્યક્ત કરવામાં આવ્યો છે.

# ‘જો સમયસર તપાસ કરી હોત તો, આજે પતિ જીવીત હોત’

**મિનિ** વાવાઝોડામાં ત્રણ દિવસથી ગુમ મોરા ટેકરાના યુવકનો ધરાશાયી વૃક્ષ નીચેથી મૃતદેહ મળ્યો

**આપત્તિ** વ્યવસ્થાપનની ખામી સામે પરિવારના ગંભીર પ્રશ્નો

સુરતઃ ૧૯ માર્ચે આવેલા મિનિ વાવાઝોડા દરમિયાન ગુમ થયેલા યુવકનો ત્રણ દિવસ બાદ ઝાડ નીચેથી મૃતદેહ મળી આવતા માત્ર શોક નહીં પરંતુ પ્રણાલીની ગંભીર ખામી પણ બહાર આવી છે.

મૂળ પ્રયાગરાજના 35 વર્ષીય મુકેશકુમાર યાદવ હજીરા વિસ્તારમાં આવેલી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ઘટનાના દિવસે તેઓ રોજની જેમ કામ પર જવા નીકળ્યા હતા, ત્યારે અચાનક તોફાની પવન સાથે મિનિ વાવાઝોડું ત્રાટક્યું હતું. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે મોરા ટેકરા વિસ્તારમાં એક વિશાળ વૃક્ષ ધરાશાયી થતાં તેઓ તેના નીચે દબાઈ ગયા હતા. પરંતુ ઘટના પછીનો સૌથી ચોંકાવનારું પાસું એ છે કે, પરિવાર દ્વારા તરત જ ગુમ થયાની ફરિયાદ નોંધાવ્યા છતાં ત્રણ દિવસ સુધી યોગ્ય અને દિશાસૂચક શોધખોળ હાથ ધરાઈ નહોતી. પરિવારજનો અને સ્થાનિકોએ પોતાના સ્તરે સતત શોધખોળ ચાલુ રાખી હતી.

અંતે 22 માર્ચે સવારે ધરાશાયી થયેલા ઝાડની નીચે મુકેશકુમારનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તાર શોકમગ્ન બન્યો હતો. મૃતકની પત્નીએ સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ભાવુક આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, “જો પોલીસ અને તંત્ર દ્વારા સમયસર ઝાડ નીચે તપાસ કરવામાં આવી હોત, તો આજે મારા પતિ જીવતા હોત.” આ નિવેદનથી તંત્રની સંવેદનહીનતા અને આપત્તિ વ્યવસ્થાપનની ખામી સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ઉલ્લેખનીય છે કે 19 માર્ચે આવેલા મિનિ વાવાઝોડાએ સુરત શહેરમાં ભારે નુકસાન કર્યું હતું. અનેક વિસ્તારોમાં વૃક્ષો અને હોર્ડિંગ્સ ધરાશાયી થયા હતા. મુકેશકુમારના મોત સાથે આ કુદરતી આફતના કારણે મૃત્યુઆંક 3 પર પહોંચી ગયો છે.

# પાલના વિઝા એજન્ટ સાથે દિલ્હીના ઠગની 39.05 લાખની ઠગાઈ

**અલ્બેનિયાના** 23 ક્લાયન્ટ્સને નકલી વિઝા પધરાવી દીધા

સુરતઃ પાલ ગૌરવપથ રોડ પર ઓફિસ ધરાવતા એક વિઝા કન્સલ્ટન્ટ સાથે દિલ્હીના ગઠિયાએ વિશ્વાસ કેળવી અલ્બેનિયાના વર્ક વિઝા અપાવવાના બહાને કુલ 39.05 લાખની ઠગાઈ કર્યાનો કિસ્સો સામે આવ્યો છે.ગઠિયાએ શરૂઆતમાં 33 ક્લાઈન્ટના વીઝાનું કામ કરી આપી વિશ્વાસ કેળવ્યો હતો.ઠગે 23 જેટલા ગ્રાહકોનું કામ લઈ લાખો પડાવ્યા બાદ બોગસ અને એડિટ કરેલા વિઝા મોકલી આપ્યા હતા, જેની જાણ અલ્બેનિયા એમ્બેસી દ્વારા થતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું.

મળતી વિગત મુજબ, પાલ વિસ્તારમાં ‘ઈલાઈટ વિઝા હબ’ નામે ઓફિસ ધરાવતા અંકુરકુમાર ગુણવંતલાલ પટેલ (રહે. શ્રીલેખા રેસિડેન્સી, પાલ) વર્ષ 2009 થી વિઝાનું કામકાજ કરે છે. ફેબ્રુઆરી-2025 માં તેમને +44 નંબર પરથી રાજ ઉર્ફે રોકી નામના શખ્સનો ફોન આવ્યો હતો. આરોપીએ પોતે અલગ-અલગ દેશોના વર્ક વિઝાનું કામ કરતો હોવાનું જણાવી અંકુરભાઈનો વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતમાં ત્રણ ક્લાયન્ટ્સના વિઝાનું કામ પંદર થી વીસ દિવસમાં કરી આપી ભરોસો કેળવ્યા બાદ, અંકુરભાઈએ પોતાના અન્ય 20 ક્લાયન્ટ્સ મળી કુલ 23 લોકોની વિગતો અને ફી પેટે 39,05,000 આંગડિયા મારફતે દિલ્હી ખાતે રાજ પટેલના નામે મોકલી આપ્યા હતા.

આરોપી રાજ ઉર્ફે રોકીએ ક્લાયન્ટ્સના વિઝા એપ્રૂવ થઈ ગયા હોવાનું કહી ડમી ફ્લાઈટ ટિકિટો મોકલી હતી, પરંતુ મુસાફરીના એક-બે દિવસ અગાઉ જ આ ટિકિટો વારંવાર રદ થઈ જતી હતી. જ્યારે આ બાબતે પૂછવામાં આવ્યું ત્યારે આરોપીએ ‘ટેકનિકલ ખામી’નું બહાનું ધરી દીધું હતું. શંકા જતાં અંકુરભાઈએ ગ્રાહકોના વિઝા ચેક કરવા માટે અલ્બેનિયા એમ્બેસીને મેઈલ કર્યો હતો, જેના જવાબમાં એમ્બેસીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, “આ વિઝા નકલી છે અને અલ્બેનિયન દૂતાવાસ દ્વારા જારી કરવામાં આવ્યા નથી. આ નકલી વિઝા સાથે મુસાફરી કરવી કાનૂની પરિણામો તરફ દોરી જશે”. તપાસમાં એવું પણ બહાર આવ્યું કે આરોપીએ અન્ય ગ્રાહકોના જૂના વિઝા નંબરો એડિટ કરીને આ નકલી વિઝા બનાવ્યા હતા.

ઠગાઈની જાણ થતા અંકુરભાઈએ જ્યારે આરોપી પાસે પૈસા પરત માંગ્યા, ત્યારે આરોપીએ તેમને વોટ્સએપ પર બ્લોક કરી દીધા હતા. આખરે અંકુરભાઈએ પાલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાજ ઉર્ફે રોકી પટેલ (રહે. કલોલ, ગાંધીનગર) વિરુદ્ધ છેતરપિંડી અને આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી પી.આઈ. શીતલ શાહે વધુ તપાસ હાથ ધરી છે.

# ડિંડોલીમાં બ્રિજનું કામ મંથર ગતિએ,હજારોનાજીવજોખમમાં

**લોકો** કાચા ધૂળના ‘પાળા’ પરથી પસાર થવા મજબૂર, સ્ટ્રીટ લાઈટના અભાવે અંધકારમાં મોબાઈલની ફ્લેશ લાઈટના સહારે જીવના જોખમે પસાર થવું પડે છે

સુરતઃ સુરતના ડિંડોલી વિસ્તારમાં પ્રિયંકા સોસાયટી ભાગ-1 અને 2 ને જોડતા ખાડી બ્રિજની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલતા સ્થાનિક રહીશોમાં મનપા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વિરોધ બાદ છેલ્લા લાંબા સમયથી બંધ પડેલું કામ માંડ શરૂ કરાયું છે, પરંતુ હાલમાં રહીશોને અવરજવર માટે કોઈ સુરક્ષિત વિકલ્પ ન અપાતા નાના બાળકો અને વૃદ્ધો ખાડી પર બનાવેલા કાચા ધૂળના ‘પાળા’ પરથી પસાર થવા મજબૂર બન્યા છે.

રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટના અભાવે અંધકારમાં મોબાઈલની ફ્લેશ લાઈટના સહારે જીવના જોખમે પસાર થવું પડે છે, જેના કારણે ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

બીજી તરફ, ખાડી સફાઈ પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં અહીં ગંદકીનું સામ્રાજ્ય અને પ્લાસ્ટિકના ઢગલા જોવા મળી રહ્યા છે, જેને લઈ સ્વચ્છ શહેરના બણગા ફુંકતી મનપાની પોલ ખુલી પડી છે. ખાડીના સ્થિર અને ગંદા પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતા આસપાસની સોસાયટીઓમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવો રોગચાળો ફાટી નીકળવાની શક્યતા છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર દ્વારા શ્રમિકોની સુરક્ષાના નિયમોનું પણ ઉલ્લંઘન થઈ રહ્યું છે. રહીશોએ માંગ કરી છે કે સ્થાનિક કોર્પોરેટરો અને અધિકારીઓ સ્થળની મુલાકાત લઈ આ કામ વહેલી તકે પૂર્ણ કરાવે જેથી સામાન્ય જનતાને હાલાકીમાંથી મુક્તિ મળે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી મોટા બાવન ૨૨ કડવા પાટીદાર પરિવાર, ડીંડોલીનો ૧૦મો સ્નેહમિલન સમારોહ યોજાયો



શ્રી મોટા બાવન ૨૨ કડવા પાટીદાર પરિવાર, ડીંડોલી - સુરત દ્વારા ૧૦ મો સ્નેહમિલન અને ઇનામ વિતરણ સમારોહ દા જીની વાડી વકતાણા ખા તે યોજાયો હતો દીક રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું “ગૌરવ સન્માન” અતિથિ વિશેષ અથર્વ ઇન્ટરનેશનલ સ્કૂલ ગોવિંદભાઈ પટેલ અને અનુપમ સર્જીકલ હોસ્પિટલ સાહેબ શૈલેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા મોટીવેશનલ સ્પીકર ચિરાગ કાનાણી પણ ઉપસ્થિત રહી લોકોને દિકરી વિષેશ સમાજના મહત્વ છે તે વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું શ્રી મોટા બાવન ૨૨ કડવા પાટીદાર પરિવાર (ડીંડોલી-સુરત) ના ૧૦મા સ્નેહમિલન સમારોહમા દાતાશ્રી સન્માન કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા સમાજ સ્નેહમિલન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા